**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જિ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૮૬૩૧/૧૮**
**જૂનો ફોજદારી કેસ નં.૨૪૮/૯૩**

**ફરિયાદી :- કારખાના નિરીક્ષક,**
**અમદાવાદ**

**: વિરૂધ્ધ :**

**આરોપી :- શ્રી પ્રમોદભાઈ નારાયણભાઈ દેવધર (કબજેદાર)**
**પોલીકેમ એન્ટરપ્રાઈઝ,**
**૨૭૦/૨, ફેઝ-૨, જી.આઈ.ડી.સી.,વટવા, અમદાવાદ.**

**ગુન્હો :-કારખાના ધારા ૧૯૪૮ ની કલમ -૯૨ મુજબનો ભંગ બાબત**

**-: આંક-૧ નીચે હુકમ :-**

**(૧)** હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવે છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

**(૨)** ઉપરોકત હાલના કામની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૩)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જેથી આરોપી મરણ ગયાના પ્રમાણપત્ર સાથે સમન્સ પરત આવેલ છે, તે સંજોગોમાં ઉપરોકત મરણનું પ્રમાણપત્ર ધ્યાને લેતાં આ કામના આરોપી તા.૨૦/૩/૨૦૧૧ ના રોજ મૃત્યુ પામેલ હોઈ, જેથી તેમની સામેનો હાલનો ફોજદારી કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે મુજબ હાલનો કેસ ફૈંસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩-૦૭-૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

(નાગદાનભાઈ કે. ડાભી )
એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.
CODE : GJ01030